# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચી. મં. ગ્રંથાલયમાં દર મહિનાની ૧૭મી તારીખથી એક સપ્તાહ સુધી યોજાતા પુસ્તક-પ્રદર્શનમાં આ વખતે સપ્ટેમ્બર મહિનામાં શ્રી ગુણવંતરાય આચાર્યના જન્મદિવસ (૯/૯) નિમિત્તે તા. ૧૭ થી ૨૮ દરમિયાન, સાહસકથાઓનાં પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. જેમાં પરિષદ મહામંત્રી શ્રી પ્રફુલ્લ રાવલ, પરિષદ ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્ર પટેલ, ગ્રંથાલય મંત્રીશ્રી પરીક્ષિત જોષી, શ્રી રસીલાબહેન કડીઆ, શ્રી મોહન પરમાર, શ્રી દાન વાઘેલા, શ્રી માસુંગ ચૌધરી, શ્રી અનિલ ચાવડા ઉપરાંત વાચકો, વિદ્યાર્થીઓ અને અન્ય સાહિત્યરસિકોએ લાભ લીધો હતો.

હંમેશની જેમ પ્રિવ્યૂ આપી ન્યૂઝ પ્રકાશિત કરતા મીડિયાએ પણ આ પુસ્તક-પ્રદર્શનની નોંધ લીધી હતી.

ગુજરાતી સાહિત્યનું એકત્રીસમું જ્ઞાનસત્ર બનાસકાંઠાના પાલનપુર ખાતે ડિસેમ્બરમાં યોજાશે તેનો પ્રથમ-દર્શીય આલેખ આ સાથે નીચે મુજબનો છે :

## ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૧મું જ્ઞાનસત્ર

વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુરના ઉપક્રમે

તારીખ : ૨૬-૨૭-૨૮ ડિસેમ્બર-૨૦૧૯ના ત્રણ દિવસ શ્રી સિતાંશુ યશશ્ચન્દ્રની અધ્યક્ષતામાં જ્ઞાનસત્ર યોજાશે.

સ્થળ : વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર, વિદ્યામંદિર સંકુલ, પાલનપુર, જિ. બનાસકાંઠા

### ઉદ્‌ઘાટન બેઠક

તા.૨૬-૧૨-૨૦૧૯, ગુરુવાર, સવારે ૯.૩૦ થી ૧૧.૩૦

ગીત : જય જય ગરવી ગુજરાત/મળતા મળી ગઈ
સંગીત વૃંદ, વિદ્યામંદિર પાલનપુર

સ્વાગત : ડૉ. હસમુખ મોદી
(નિયામક, વિદ્યામંદિર ટ્રસ્ટ પાલનપુર)

પ્રાસંગિક : શ્રી શિરીષકુમાર એમ. મોદી
(ચૅરમેન, સ્થાનિક વ્યવસ્થાપક સમિતિ, વિદ્યામંદિર ટ્રસ્ટ)

પરિષદ પ્રાસંગિક : શ્રી પ્રફુલ્લ રાવલ
(મહામંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ)

અતિથિ વિશેષ : શ્રી વિશ્વનાથ પ્રસાદ તિવારી
અધ્યક્ષ : શ્રી સિતાંશુ યશશ્ચન્દ્ર,
આભાર : શ્રી રાજેન્દ્ર પટેલ

**બીજી બેઠક**

તા.૨૬-૧૨-૨૦૧૯, ગુરુવાર, સવારે ૧૧.૩૦થી બપોરે ૧.૩૦
કાલજયી સર્જકતાની આલોચના (પ્રાચીન)

કારયિત્રી પ્રતિભાના કેટલાક પ્રશ્નો : શ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળા (અધ્યક્ષ)
આદિકવિ વાલ્મીકિની પ્રતિભાની ઓળખ : શ્રી રાજેશ પંડ્યા
એમણે સર્જેલાં ત્રણ પાત્રોને આધારે
મહાકવિ દાન્તેની સર્જક પ્રતિભા : શ્રી ધીરુ પરીખ
ડિવાઈન કોમેડીમાં 'ઇન્ફર્નો'- ના
નિરૂપણ સંદર્ભે
કવિકુલગુરુ કાલિદાસની સર્જક પ્રતિભા : શ્રી વસંત ભટ્ટ
એમની નાટ્યસૃષ્ટિ સંદર્ભે
આદિકવિ નરસિંહ મહેતાની કવિ પ્રતિભા : શ્રી રમણ સોની
એમના ભક્તિરસ અને એમની
પરંપરાભંજકતા સંદર્ભે
સંચાલન :

**ભોજન-વિરામ**

**ત્રીજી બેઠક**

તા.૨૬-૧૨-૨૦૧૯, ગુરુવાર, બપોરે ૩.૦૦થી ૫.૦૦
સાહિત્યકારની ઇતિહાસપ્રજ્ઞતા અને સર્જકતા (અર્વાચીન)

ઇતિહાસ અને સાહિત્ય : શ્રી રઘુવીર ચૌધરી (અધ્યક્ષ)
ઉમાશંકર જોશીની ઇતિહાસપ્રજ્ઞતા : શ્રી સ્વાતિ જોશી
અને એમની કવિતા : કેટલાક ધ્યાનાર્હ મુદ્દા
બેર્ટોલ્ડ બ્રેખ્ટની ઇતિહાસપ્રજ્ઞતા : શ્રી સૌમ્ય જોષી
અને એમની રંગભૂમિ : પડદો શેના
ઉપરથી ખુલે છે ?
ઑસિપ માન્ડેલસ્ટામની ઇતિહાસપ્રજ્ઞતા : શ્રી પ્રબોધ પરીખ
અને એમની કવિતા
ચિનૂઆ અચેબેની ઇતિહાસપ્રજ્ઞતા : શ્રી પરેશ નાયક
અને એમનું કથાવિશ્વ :
આજે જ ઇતિહાસ
સંચાલન :

**સંધ્યામિલન : સાંજે ૬.૦૦થી ૮.૦૦**

**વિશ્વખ્યાત ચિત્રકાર શ્રી અતુલ ડોડિયા સાથે એક સાંજ**

એમનાં ચિત્રોનું સ્ક્રીનિંગ અને એ વિશે ચિત્રકારની વાત

(મારી સર્જકતા : દશ્યો, મારાં ચિત્રફલકો ઉપર અને એમની બહાર)

સંચાલન :

**ચોથી બેઠક**

તા.૨૭-૧૨-૨૦૧૯, શુક્રવાર, સવારે ૯.૦૦થી ૧૧.૦૦

**કારયિત્રી પ્રતિભાની મીમાંસા**

અધ્યક્ષ : શ્રી ચંદ્રકાન્ત શેઠ

સર્જકની પ્રતિબદ્ધતા અને એનું સ્વાતંત્ર્ય : શ્રી સરૂપ ધ્રુવ

સર્જક, વાણી અને રૂપરચના : શ્રી સેજલ શાહ

ચરિત્રાત્મક સાહિત્યમાં સર્જકતા : શ્રી પ્રફુલ્લ રાવલ

ગુજરાતી કથાસાહિત્યમાં પ્રયોગશીલતા : શ્રી મહેન્દ્રસિંહ પરમાર

સંચાલન :

**પાંચમી બેઠક**

તા.૨૭-૧૨-૨૦૧૯, શુક્રવાર, સવારે ૧૧.૦૦થી ૧.૦૦

**ભાવયિત્રી પ્રતિભાની મીમાંસા**

અધ્યક્ષ : શ્રી નરોત્તમ પલાણ

ભાવકની સર્જકતા : મુખ્ય વિમર્શ : શ્રી સમીર ભટ્ટ

સર્જકને પડકારતા ભાવક : શ્રી ઉદયન ઠક્કર

ભાવયિત્રી પ્રતિભાની માવજત : શ્રી રાજેન્દ્ર પટેલ

સર્જકતાનું એક અનોખું સ્થાનક : પૅરિસ : શ્રી હેમંત શાહ

સંચાલન :

**ભોજન વિરામ**

**છઠ્ઠી બેઠક**

તા.૨૭-૧૨-૨૦૧૯, શુક્રવાર, બપોરે ૨.૩૦થી ૪.૩૦

સાહિત્યની તાંત્રિકી : કંઠથી કમ્પ્યૂટર સુધી, હસ્તપ્રત નિર્માણ અને મુદ્રણના માર્ગે

અધ્યક્ષ : શ્રી નૌશિલ મહેતા

ઈ બુક્સ, ઓડિયો બુક્સ અને આગળ : શ્રી અપૂર્વ આશર

હસ્તપ્રતોની દુનિયામાં : શ્રી જયંત ઉમરેઠિયા

શાળા-કૉલેજોમાં, શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સાહિત્યવાચનની કેળવણી : શ્રી દક્ષા ભાવસાર

વાચિકમ્ અને મંચન વડે સાહિત્યનો વ્યાપ : શ્રી ચિંતન પંડ્યા

સંચાલન :

**<u>સાતમી બેઠક</u>**

તા.૨૭-૧૨-૨૦૧૯, શુક્રવાર, ૫.૩૦થી ૬.૩૦

લોકલોકની સર્જકતા

**બનાસકાંઠેથી/ભાદરકાંઠેથી**

અધ્યક્ષ : શ્રી મુસાફિર પાલનપુરી

વક્તા : શ્રી અશોક દવે, શ્રી ભીમજી ખાચરિયા

**ભોજન વિરામ**

યજમાન સંસ્થા તા. ૨૭-૧૨-૨૦૧૯, શુક્રવાર, ૭.૩૦ થી ૮.૧૫

સાંસ્કૃતિક કાર્યક્રમ

**<u>આઠમી બેઠક</u>**

તા.૨૮-૧૨-૨૦૧૯, શનિવાર, સવારે ૯.૦૦થી ૧૨.૦૦

યુવા સર્જક મંચ : કિરીટ દૂધાત

અધ્યાપક મંચ : જે અધ્યાપકો શોધપત્ર ૧૫ નવેમ્બર પહેલા રજૂ કરશે તેમાંથી પરામર્શન પામેલા ૩ શોધપત્રોનું વાચન કરવામાં આવશે.

સંચાલન :

**<u>સમાપન બેઠક</u>**

તા.૨૮-૧૨-૨૦૧૯, શનિવારે, બપોરે ૧૨.૦૦થી ૧.૩૦

ગુજરાતી સાહિત્ય પરિષદનું ખુલ્લું સત્ર (સામાન્ય સભા)

ઠરાવો, પ્રતિભાવો અને આભારવિધિ

આભારદર્શન :

**યજમાન સંસ્થા વતી : શ્રી કનુભાઈ પ્રજાપતિ (ઇન્ચાર્જ ઓલ સેન્ટર્સ, વિદ્યામંદિર ટ્રસ્ટ પાલનપુર)**

**ગુજરાતી સાહિત્ય પરિષદ વતી : શ્રી પ્રફુલ્લ રાવલ (મહામંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ)**

જ્ઞાનસત્રમાં ભાગ લેવા ઇચ્છતા પ્રતિનિધિઓએ ડેલિગેટ ફીના રૂા. ૧૦૦૦/- ભરવાના રહેશે અને વિદ્યાર્થીઓએ રૂા. ૫૦૦/- ભરવાના રહેશે. (કાર્યક્રમનો અહેવાલ રજૂ કરનાર વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે) ડેલિગેટ ફી તા.૨૦-૧૨-૨૦૧૯ સુધીમાં પરિષદ કાર્યાલય, અમદાવાદમાં ભરી દેવાથી વ્યવસ્થા સરળ થશે. ત્યારબાદ સ્વીકારવામાં આવશે નહીં.

વ્યવસ્થામાં સહાયભૂત થવા ઉપરની તારીખ સુધીમાં આપની ડેલિગેટ ફી ભરાઈ જાય તે ઇચ્છનીય છે ત્યારબાદ સ્થળ પર ભરનારે દોઢો ચાર્જ ચૂકવવાનો રહેશે.

--------

આ કાર્યક્રમમાં ક્યાંક સંજોગોવશાત્ ફેરફાર થશે.

❖